Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૦૭–૦૨–૨૦૧૮**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા.૦૭–૦૨–૨૦૧૮ના રોજ બપોરે ૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૦૭–૦૨–૨૦૧૮ |
|---|---|---|
| ૧. | ડૉ.શીવેન્દ્ર ગુપ્તા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્ર પ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | ગેરહાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૨. | **VACANT** | -------- |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૧૭. | ડૉ.સંજયકુમાર (સત્યાર્થી) | ગેરહાજર |
| ૧૮. | શ્રી વિનોદકુમાર રણછોડભાઈ ગજેરા | હાજર |
| ૧૯. | શ્રી સંજય બલ્લુભાઈ લાપસીવાલા | હાજર |
| ૨૦. | ડૉ.કેતન ચંદ્રકાન્તભાઈ દેસાઈ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૧૯–૦૧–૨૦૧૮ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૯–૦૧–૨૦૧૮ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબનાં સુધારા વધારા સાથે મંજુર કરવી.**

**બાબત ક્રમાંકઃ ૨૫ અન્વયે ઠરાવવામાં આવે છે કે, તબીબી અનુસ્નાતકની ફી(અનુદાનિત/ સરકારી કોલેજો) પ્રમાણે તમામ પ્રકારની ફી લેવી.**

**બાબત ક્રમાંકઃ ૦૭ માં પ્રુફ રીડીંગની જગ્યાએ પ્રુફ ચેકીંગ શબ્દ વાંચનમાં લેવો.**

૨. તા.૦૨–૦૧–૨૦૧૮ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨૩ અંગે વિચારણા કરવા બાબત.....

(હિસાબી)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, તા.૦૨–૦૧–૨૦૧૮ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨૩ સંદર્ભે એલ–૧ પર આવેલી પાર્ટીઓને નાણાસમિતિ દ્વારા રૂબરૂ સાંભળી તે પૈકી શિવાની કેટરર્સ (મે. શંકરલાલ બી. પટેલ) કે જે હાલમાં કોન્ટ્રાકટ ચલાવે છે તેની ખોરાકની ગુણવત્તા તથા ટેન્ડરની શરતોનાં પરિપાલન અંગેનાં ભુતકાળનાં અનુભવે વિશ્વસનિય જણાતા તેમને ટેન્ડરની શરત મુજબ રૂા.૨૦૦૦/– પ્રતિ માસનાં ધોરણે તથા ટેન્ડરની તમામ શરતોનાં પરિપાલન કરવાની શરતે કોન્ટ્રાકટ આપવા ભલામણ છે.**

૩. (૧) તા.૨૯–૦૧–૨૦૧૮ની નાણાં સમિતિની બાબત ક્રમાંક : ૨ થી મંજુર કરેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું સને ૨૦૧૭–૧૮નાં વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૮–૧૯નાં વર્ષનાં અંદાજપત્ર પર ચર્ચા–વિચારણા કરવા બાબત.......

(૨) આગામી માર્ચ–૨૦૧૮માં મળનાર સેનેટની વાર્ષિક સભામાં અંદાજપત્ર કયા સભ્ય દ્વારા રજૂ (MOVE) કરાવવું તે નકકી કરવા બાબત....

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૯–૦૧–૨૦૧૮ની નાણાં સમિતિની બાબત ક્રમાંક : ૨ થી મંજુર કરેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું સને ૨૦૧૭–૧૮નાં વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૮–૧૯નાં વર્ષનાં અંદાજપત્ર મંજૂર કરવું અને સેનેટને અંતિમ મંજુરી માટે ભલામણ કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ.ડાં. જે. એમ. નાયક પાસે રજૂ (Move) કરાવવાનું રાખવું.**

૪. પરીક્ષા આચાર સમિતિની તા.૨૫/૦૧/૨૦૧૮ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૫–૧–૨૦૧૮ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણોનો પરિશિષ્ટ : " ક "માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : " ક ")**

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>**

૫. યુનિવર્સિટી એકટ Chapter-IV Power and duties of Syndicate 20 (v) મુજબ સિન્ડિકેટ દ્વારા બજેટ તૈયાર કરવા અંગેની જોગવાઈ છે. યુનિવર્સિટીનું સને ૨૦૧૭–૧૮નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૮–૧૯નું અંદાજપત્ર તૈયાર કરવા માટે મા.કુલપતિશ્રીએ સિન્ડિકેટ સભા વતી બજેટ કમીટીની રચના કરેલ હોય, મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત....

| | | |
|---|---|---|
| (૧) | ડો.જે. એમ. નાયક | (આચાર્યશ્રી, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ) |
| (૨) | ડો.વિનોદકુમાર એન પટેલ | (આચાર્યશ્રી, પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી) |
| (૩) | ડો.કિશોરસિંહ એન. ચાવડા | (આચાર્યશ્રી, જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી) |
| (૪) | ડો.વિજયકુમાર એ. જોષી | (આચાર્યશ્રી, મહામંડલેશ્વર શ્રી ક્રિષ્નાનંદજી કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ) |

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એકટ Chapter-IV Power and duties of Syndicate 20 (v) મુજબ સિન્ડિકેટ દ્વારા બજેટ તૈયાર કરવા અંગેની જોગવાઈ છે. યુનિવર્સિટીનું સને ૨૦૧૭–૧૮નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૮–૧૯નું અંદાજપત્ર તૈયાર કરવા માટે મા.કુલપતિશ્રીએ સિન્ડિકેટ સભા વતી બજેટ કમીટીની રચના કરેલ હોય, મા.કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવી.**

<u>**અધ્યક્ષસ્થાનેથી નીચે મુજબની બાબત રજૂ કરવામાં આવેલ હતી.**</u>

૬. **આર્ટસ** ફેકલ્ટીનાં **અર્થશાસ્ત્ર** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાં **ડી.આર.પટેલ એન્ડ આર.બી.પટેલ કોર્મસ કોલેજ, ભરથાણા** ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. ભાવેશકુમાર રજનીકાંત પરમાર** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. લીલાબેન એમ.સ્વામી, પ્રિન્સિપાલ, મહિલા આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ, સરદાર ચોક, બસ સ્ટેશન પાસે, ઉંઝા, મહેસાણા અને ૨. ડૉ. સૌરભ માની, ડિપાર્ટમેન્ટ ઓફ એપ્લાઈડ બિઝનેશ ઈકોનોમિકસ, ફેકલ્ટી ઓફ કોર્મસ, દયાલબાગ એજયુકેશન ઈન્સ્ટીટયુટ, દયાલબાગ, આગ્રા)ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રીએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટ ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા ડૉ. **ભાવેશકુમાર રજનીકાંત પરમાર** ને **આર્ટસ** ફેકલ્ટીનાં **અર્થશાસ્ત્ર** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ભાવેશકુમાર રજનીકાંત પરમારને આર્ટસ ફેકલ્ટીનાં અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક (પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી.**

૭. **આર્ટસ** ફેકલ્ટીનાં **તુલનાત્મક સાહિત્ય** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાં **ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત** ના હેડ **ડૉ. વીજળીવાળા શરીફા કાસમભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષપર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. દિપક રાવલ, હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી, એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા અને ૨. ડૉ. પરમ પાઠક, ગુજરાતી ડિપાર્ટમેન્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ)ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રીએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટ ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. વીજળીવાળા શરીફા કાસમભાઈ** ને **આર્ટસ** ફેકલ્ટીનાં **તુલનાત્મક સાહિત્ય** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.વીજળીવાળા શરીફા કાસમભાઈને યુનિવર્સિટી/ યુ.જી.સી.નાં ધારા–ધોરણ મુજબ વિદ્યાર્થીની સંખ્યા વધવી જોઈએ નહી એ શરતે તુલનાત્મક સાહિત્યમાં માર્ગદર્શક શિક્ષક(પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી. આ સિવાય અન્ય વિષયમાં આવા કેસોની બાબતમાં સિન્ડિકેટ વતી આજ શરતે માન્યતા આપવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૮. **આર્ટસ** ફેકલ્ટીનાં **તુલનાત્મક સાહિત્ય** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. શુકલા નરેશકુમાર રવિશંકર** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧). ડૉ. સંજય મુર્ખરજી, પ્રોફેસર ઓફ ઈંગ્લીશ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈ એન્ડ સી.એલ.એસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને (૨). ડૉ. કિર્તિદા શાહ, હેડ, ગુજરાતી ડિપાર્ટમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર બંને અહેવાલ / રીપોર્ટ હકારાત્મક છે જે અવલોકનમાં લઈ BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે અવલોકનમાં લેતા **ડૉ. શુકલા નરેશકુમાર રવિશંકર** ને **આર્ટસ** ફેકલ્ટીના **તુલનાત્મક સાહિત્ય** વિષયમાં **પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.શુકલા નરેશકુમાર રવિશંકરને યુનિવર્સિટી/ યુ.જી.સી.નાં ધારા–ધોરણ મુજબ વિદ્યાર્થીની સંખ્યા વધવી જોઈએ નહી એ શરતે તુલનાત્મક સાહિત્યમાં માર્ગદર્શક શિક્ષક(પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી. આ સિવાય અન્ય વિષયમાં આવા કેસોની બાબતમાં સિન્ડિકેટ વતી આજ શરતે માન્યતા આપવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૯. **એજયુકેશન** ફેકલ્ટીનાં **એજયુકેશન** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાં **કોલેજ ઓફ એજયુકેશન, નાની દમણ** ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. ગીતાબેન અંબેલાલ પટેલ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્રારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. આર.એસ.પટેલ, પ્રોફેસર એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ૨. ડૉ. મિલનભાઈ ટી. મિસ્ત્રી, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રીએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટ ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. ગીતાબેન અંબેલાલ પટેલ** ને **એજયુકેશન** ફેકલ્ટીનાં **એજયુકેશન** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.ગીતાબેન અંબેલાલ પટેલ ને એજયુકેશન ફેકલ્ટીનાં શિક્ષણ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક (પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી.**

૧૦. **આર્ટસ** ફેકલ્ટીનાં **સંસ્કૃત** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાં **જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટસ કોલેજ** ના સંસ્કૃત ડિપાર્ટમેન્ટના હેડ **ડૉ. મહેન્દ્ર એચ. ત્રિવેદી** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્રારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. મનસુખભાઈ મોલીયા, સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને ૨. ડૉ. નિરંજન પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી, વી.વી.નગર)ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રીએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટ ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. મહેન્દ્ર એચ. ત્રિવેદી** ને **આર્ટસ** ફેકલ્ટીનાં **સંસ્કૃત** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. મહેન્દ્ર એચ. ત્રિવેદીને આર્ટસ ફેકલ્ટીનાં સંસ્કૃત વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક (પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી.**

૧૧. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાં **ભગવાન મહાવીર કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભરથાણા, સુરત** ના વાઈસ પ્રિન્સીપાલ **ડૉ. દેસાઈ સાગર અરૂણકુમાર** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. ડી.કે.રાવલ, પ્રોફેસર ઓફ કેમેસ્ટ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર અને ૨. ડૉ. રક્ષિત અમેતા, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, પહેર યુનિવર્સિટી, ઉદયપુર, રાજસ્થાન)ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રીએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટ ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. દેસાઈ સાગર અરૂણકુમાર** ને **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. દેસાઈ સાગર અરૂણકુમારને સાયન્સ ફેકલ્ટીનાં રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક (પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી.**

૧૨. **સાયન્સ** ફેકલ્ટીનાં **માઈક્રોબાયોલોજી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવાં **આર્ટસ, સાયન્સ એન્ડ કોર્મસ કોલેજ, ખોલવડ** ના એસોસીયેટ પ્રોફેસર **ડૉ. રાવલ આરતી અમિત** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ.પ્રવિણ આર. પોરાણિક, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી, સ્કૂલ ઓફ લાઈફ સાયન્સ, નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ અને ૨. ડૉ. રાકેશ પટેલ, એસોસીયેટ પ્રોફેસર, આર.જી.શાહ સાયન્સ કોલેજ, ટેલીફોન એક્ષચેન્જ પાસે, વાંસણા, અમદાવાદ )ના હકારાત્મક અહેવાલ / રીપોર્ટ મળેલ છે. BUT ની તા.૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માનનીય કુલપતિશ્રીએ AC વતી અહેવાલોનો સ્વીકાર કરી સિન્ડિકેટ ને ભલામણ કરેલ હોય જે અવલોકનમાં લેતા **ડૉ. રાવલ આરતી અમિત** ને **સાયન્સ** ફેકલ્ટીનાં **માઈક્રોબાયોલોજી** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.રાવલ આરતી અમિતને સાયન્સ ફેકલ્ટીનાં માઈક્રોબાયોલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક (પીએચ.ડી.નાં ગાઈડ) તરીકેની માન્યતા આપવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુવિર્સિટી કાર્યાલય, સુરત.<br>
ક્રમાંક : એસ–૧ (૧)/૩૬૦૮ /૨૦૧૮ **ઈન્ચાર્જ કુલસચિવ**<br>
તા.૨૭–૦૨–૨૦૧૮<br>
પ્રતિ,<br>
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........